PGVCL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ — PGVCL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા–૦૧/૧૭–૧૮/ ૪૩૬૯ — તા. ૦૬/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અજાયબેન નગાભાઈ ગોજીયા,
C/O, નગાભાઈ સોમાભાઈ ગોજીયા,
ગામ: કોઠા વિસોત્રી
તા. ખંભાળીયા,
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૪૨૯૫ ૫૮૧૩૨

વિષય :–નામ બદલી અને લોડ વધારા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૧/ક્વા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. [illegible])

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No 01 / D]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૧/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: અજાયબેન નગાભાઈ ગોજીયા, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

---

## : હુકમ :

### ફરીયાદ : નામ બદલી અને લોડ વધારા અંગે

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૪૯/૦૦૨૨૧/૩ ના હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા, વધારાના ૨.૫ હોપા વીજભાર નો વધારો મેળવી અને જોડાણ ને કુલ ૭.૫ વીજભાર વાળુ કરવા માટે ની, તેમજ આ જોડાણ મા વારસાઈ હકક ના રૂએ નામ બદલી મેળવવા માટે ની વિધીસર ની અરજી, વડત્રા પેટા વિભાગીય કચેરી મા, રસીદ નંબર: ૯૪૦૧૭૦ તા.૨૪–૦૬–૨૦૧૬ થી આપેલ હોવા છતા, તેઓ શ્રી ની સદર અરજી પરત્વે, પીજીવીસીએલ તરફથી તાકીદે કાર્યવાહી થયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી અજાયબેન નગાભાઈ ગોજીયા એ, ગામ:કોઠા વિસોત્રી.ખાતે આવેલ સર્વે નંબર : ૩૦૯ પૈકી ૩ મા શ્રી વેજાણંદ જીવા ના નામના, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૪૯/૦૦૨૨૧/૩ ના હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા, વધારાના ૨.૫ હોપા વીજભાર નો વધારો મેળવી અને જોડાણ ને કુલ ૭.૫ વીજભાર વાળુ કરી અને આ જોડાણ મા વારસાઈ હકક ના રૂએ નામ બદલી મેળવવા માટે ની જે રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ( રૂ.૩૦૦/– + રૂ.૨૦૦/–) જે રસીદ નંબર: ૯૪૦૧૭૦, તા.૨૪–૦૬–૨૦૧૬ થી નોંધાયેલ અરજી ને, મંજુરી ના ક્રમ હેઠળ આવરી લઈ અને સક્ષમ એવી જામખંભાળીયા વિભાગીય કચેરી તરફથી, મંજુરી પણ તા.૨૩–૦૫–૨૦૧૭ થી અપાયેલ છે. અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને સદર નામ બદલી અને વીજભાર ની મંજુરી અન્વયે નુ ભાવપત્રક પણ, તા.૩૦–૦૫–૨૦૧૭ થી અપાયેલ છે. આ ભાવપત્રક ફરીયાદી અરજદાર શ્રી એ કચેરી મા તા.૩૦–૦૫–૨૦૧૭ ના રોજ રૂબરૂ ઉપસ્થિત રહી અને તેમના તા.૩૦–૦૫–૨૦૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સ્વીકારેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં. ૨.૧ મુજબ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને અરજદાર શ્રી ના તા.૩૦–૦૫–૨૦૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ અરજદાર શ્રી ના તા.૩૦–૦૫–૨૦૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયની નકલ મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "બાબતમાં ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકો છો. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધિત હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં જમા કરાવ્યા હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.